ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૫૩ ટકા
ગાંધીનગર તાપમાન

નવા સંકલ્પો સાથે નવા વર્ષને વધાવીએ

ગાંધીનગર, તા.૩૧

ગત ૨૦૨૦નું વર્ષ તમામ શહેરીજનો માટે પડકારરૂપ રહ્યું સાથે કોરોનાની મહામારીમાં અનેકે કોરોનાને લડત આપી, લોકડાઉનને ફોલો કરી પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સભાનતા દાખવી. આવનાર વર્ષ ૨૦૨૧માં પડકારરૂપ ૨૦૨૦ને ભૂલીને આગળ વધીને ગત વર્ષમાંથી મેળવેલી શીખ અને નવા નિશ્ચય સાથે શહેરીજનો આગળ વધશે ત્યારે શહેરના અગ્રણીઓ પાસેથી આવનાર વર્ષ ૨૦૨૧ના તેમણે લીધેલા સંકલ્પ જાણીએ.

●●●

ગાંધીનગર આગવું બની રહે તે દિશામાં મહેનત કરી વિશેષ યોગદાન આપીશ

● આવનાર નવા વર્ષમાં મારા શિક્ષણના વ્યવસાયને વફાદાર કરી અવિરત સેવા ચાલુ રાખીશ.

● બહેનોના ઉત્કર્ષ અને ઉત્થાન માટે અવિરત અને અથાગ પ્રયત્ન કરતી રહીશ.

● આપણું ગાંધીનગર આગવું ગાંધીનગર બની રહે તે દિશામાં મહેનત કરી વિશેષ યોગદાન આપીશ.

● નગરના જરૂરિયાતમંદ વડીલો અને વયસ્કોને મદદ કરતી રહીશ.

● મારી આવકનો અમુક હિસ્સો સેવામાં વાપરીશ.

- ચેતના બુચ, આચાર્યા

●●●

૨૦૨૧ના વર્ષમાં પરિવાર દ્વારા કરવામાં આવનાર પ્રવૃત્તિઓ પુનઃ અને વધુ સારી રીતે કરીશું

મા આદ્ય શકિતની અસીમકૃપાથી વર્ષ ૨૦૨૧ જીવન માત્ર માટે વિવિધ મહામારીથી મુકિતનું વર્ષ બને તેવી પ્રાર્થના સાથે..

● જય અંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગરના માધ્યમ દ્વારા કોરોના વર્ષમાં સિમિત માત્રામાં થયેલ સેવાકીય કાર્યો પુનઃ ધમધમતા કરવાનો મારો મુખ્ય ઉદ્દેશ રહેશે.

● ઉદ્દેશ પૂર્ણ કરવા જરૂર પડયે અન્ય સેવાકીય સંસ્થાઓનો સહકાર મેળવીશું.

● પ્રતિ પૂનમની રાત્રિ કરવામાં આવતા જગદંબા ભકિત વંદના સમૂહ સ્વાધ્યાયને પણ આગામી પોષી પૂનમથી પુનઃ શરુ કરીશું.

● વર્ષ દરમિયાન પરિવાર દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ ૨૦૨૧ના વર્ષમાં પુનઃ વધુ સારી રીતે કરીશું. આ હેતુને મા જગદંબા સફળ બનાવે તેવી પ્રાર્થના.

- લલિતભાઈ પટેલ, પ્રમુખ, જય અંબે પરિવાર ટ્રસ્ટ

●●●

આવનાર વર્ષ જુસ્સાથી ભરપુર રહી હકારાત્મક વલણ સાથે માણીશ

૨૦૨૦નું વર્ષ સમગ્ર દુનિયા માટે ખૂબ જ ભયાનક અને કષ્ટદાયક રહ્યું છે. જયારે ૨૦૨૦ યાદ કરીશું ત્યારે નિરાશા, ભય, ગભરામણ, ચિંતાથી મન ખિન્ન થઈ જશે પરંતુ આજથી શરૂ થતું નવું વર્ષ આશા, ઉમંગ, ઉત્સાહ અને જુસ્સાથી ભરપુર રહે તેવું પરસ્પર નિઃસ્વાર્થ પ્રેમ, હુંફ અને હકારાત્મક વલણ સાથે માણીશ.

- આશાબા સરવૈયા, વરિષ્ઠ મહિલા અગ્રણી

●●●

મારી આવડત અને શકિતને વધુ વિકસાવી લોકહિત માટે વિનિયોગ કરીશ

નવું વર્ષ એટલે નવા સંકલ્પો કરવાનો અવસર. મે તો આપણા બેસ્ટ વર્ષે જ સંકલ્પો કરેલા કે પ્રભુ મને આપ જે પરિસ્થિતિ માં રાખો એને આપની પરમ કૃપા માની ખુશ રહું. મારી પાસે જે કંઈ શકિત આવડત છે એને વધુ વિકસાવી, એનો લોકહિત માટે વિનિયોગ કરું. કોઈને ક્યારેય મારા થકી તકલીફના થાય એનું ધ્યાન રાખું. હા, નવા વર્ષમાં મારાં નાટકો અને અન્ય લખાણો પુસ્તક રૂપે મૂકવાનો પણ સંકલ્પ કર્યો છે.

- પ્રકાશ લાલા, વરિષ્ઠ કલાકાર

●●●

કોઈ પણ વસ્તુ વગર ચલાવી લેવું એ કોરોનાકાળે આપેલ શિક્ષણને આત્મસાત રાખીશ

આવનાર ૨૦૨૧મા,

● હું મારી, મારા કુટુંબ અને મારી સંસ્થાની પ્રાથમિકતા, ફકત તંદુરસ્તી પૂર્વક જીવી લેવું, તે જ રહેશે.

● ધંધા સાથે કુટુંબને પણ પૂરતો સમય આપીશ.

● કોઈ પણ વસ્તુ વગર ચલાવી લેવું એ, 'કોરોનાકાળે' આપેલ સુંદર શિક્ષણને આત્મસાત રાખીશ.

● જ્યાં કોરોનાની સાવચેતીનો થોડો પણ ભંગ થવાની શક્યતા હશે તેવા, કોઈ પણ જાહેર સાંસ્કૃતિક કાર્યક્રમો કરીશ નહીં કે, તેવા કોઈ પણ ખાનગી કે જાહેર કાર્યક્રમોમાં હું કે મારી સંસ્થાના કલાકારો ભાગ લેશે નહીં. કારણ કે ક્ષણિક આનંદ કે પૈસાની કમાણી કરવા, જીવને જોખમમાં મૂકવું તે યોગ્ય નથી તેવું મારુ માનવું છે.

● સાવચેતી સાથે, મારા સહકલાકારો અને ટેકનિશિયનોને પૂરતી રોજી મળી રહે તેવા પ્રયત્નો કરીશ.

● 'ચાલશે - ચલાવશુ' તેને જીવન મંત્ર બનાવીશ.

● આવક વધારવાના પ્રયત્નને બદલે જરૂરિયાતો ઘટાડવા ઉપર પૂરતું ધ્યાન આપીશ.

- મયંક દવે, વરિષ્ઠ સંગીતકાર

●●●

નેગેટીવિટીને દૂર રાખી પોઝિટીવ થીન્કીંગ સાથે લોક ઉપયોગી માહિતી પહોંચાડવા સાથે શહેરના તંદુરસ્ત વિકાસ માટે મારું સદાય યોગદાન રહેશે

૨૦૨૧ના વર્ષના સૂર્યોદય સમયે સાત સંકલ્પ...

૧. કોરોના સંક્રમણના સમયમાં વધારે તકેદારી રાખીને સરકારી ગાઈડલાઈનનું પાલન કરીશ.

૨. પ્લાસ્ટીક ફ્રી સિટી માટે ક્યારેય પ્લાસ્ટિક બેગનો ઉપયોગ નહીં કરૂં.

૩. પક્ષીઓ પ્રત્યે જાગૃત રહીને આ વર્ષે પણ પતંગ ઉત્સવમાં ભાગ નહીં લઉં.

૪. વ્યવસાયિક હોવાથી લોકોને જાગૃત બનાવવાનું કામ કરતો રહીશ.

૫. નેગેટીવિટીને દૂર રાખી પોઝિટીવ થિંકીંગ સાથે લોક ઉપયોગી માહિતી પહોંચાડીશ.

૬. શહેર પ્રદૂષણમુક્ત બને અને ગ્રીનરીનું જતન થાય તે માટે સંઘર્ષ ચાલુ રાખીશ.

૭. ગાંધીનગરના તંદુરસ્ત વિકાસ માટે મારૂં સદાય યોગદાન રહેશે.

"Wishing you 12 months of success, 52 weeks of laughter, 365 days of fun, 8,760 hours of joy, 525,600 minutes of good luck, and 31,536,000 seconds of happiness."

- ગૌતમ પુરોહિત, વરિષ્ઠ પત્રકાર

●●●

ગાંધીનગરના યુવાનોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો નિશ્ચય છે

આવનાર ઈ.સ. ૨૦૨૧ના વર્ષથી શરૂ થનાર નવા દસકામાં ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે આપણા દેશના પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં રાખી યુવાનોમાં જાગૃતિ ફેલાવવાનું અને અમલીકરણનું કાર્ય કરવું છે.

● વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત-સસ્ટેનેબલ ડેવલોપમેન્ટ ગોલ્સ હાંસલ કરી વિશ્વ ગુરુ બને તે દિશામાં કાર્ય કરતા યુવાનોનું નેટવર્કિંગ કરવા માંગુ છું.

● ગાંધીનગર વાસી હોવાને કારણે યુવાનો અને મહિલામાં સ્વચ્છતા પ્રત્યે વધુ જાગૃતિ લાવી સ્વચ્છતા સર્વેક્ષણમાં સમગ્ર દેશમાં ગાંધીનગરનો પ્રથમ નંબર આવે તેવી ખેવના ધરાવું છું.

● આ તમામ કાર્ય કરવા માટે હું મારી જાતને સંપૂર્ણપણે સ્વસ્થ રાખવા પ્રયત્નો કરતો રહીશ જેથી મારા બધા સંકલ્પ પુરા કરી શકું.

- મયુર જોષી, મેનેજીંગ ટ્રસ્ટી, ઉદગમ ટેરિટેબલ ટ્રસ્ટ

●●●

સંબંધોને વધુ મજબુત બનાવીને વધુ સેવા-ધાર્મિક કાર્યો કરીશ

કોરોના મહામારીના કારણે ૨૦૨૦નું સમગ્ર વર્ષ દરેક માટે નિરાશાજનક રહ્યું પરંતુ આ વર્ષ દરમિયાન ફરી એકવાર પરિવારજનો એકબીજાની વધુ નિકટ આવ્યા. જો કે ૨૦૨૦માં પ્રાપ્ત થયેલી અઢળક દુઃખદ ઘટનાઓએ સૌને ઝંઝોળી મુકયા છે પરંતુ ૨૦૨૧નું વર્ષ વેકિસનના આગમનને કારણે આ મહામારીથી છુટકારો અપાવનારું

રહેશે તેવો આશાવાદ બંધાયો છે જે શુભ સંકેત છે. ૨૦૨૧ના વર્ષમાં પરિવારજનો-સ્નેહીજનો અને સગા સંબંધીઓ સાથેનો સંબંધનો તાંતણો વધુ મજબૂત થાય અને આ વર્ષમાં વધુ ઉત્સાહપૂર્વક આગળ વધી વધુ સારા સેવા કાર્યો-ધાર્મિક કાર્યો કરી શકીએ તે માટે પ્રયત્નશીલ રહેવાનો મેં સંકલ્પ કર્યો છે.

- ઉષાબેન રાજપૂત, ગૃહિણી, સે-૫

●●●

વ્યવસાયને નવી ઉંચાઈએ લઈ જઈ મિત્રોના વિશ્વાસને સાચો પુરવાર કરીશ

ધંધાકીય રીતે ૨૦૨૦ના વર્ષે ખૂબ જ નિરાશ કર્યા અને આર્થિક તંગીની સ્થિતિ પણ અનુભવી લીધી. આશા રાખું છું કે ૨૦૨૧નું વર્ષ આ સ્થિતિમાંથી ઉગારશે. જો કે જે આત્મવિશ્વાસ ૨૦૨૦માં ટકાવી રાખ્યો છે તેને વધુ સબળ બનાવીને મારા વ્યવસાયને ૨૦૨૧માં નવી ઉંચાઈએ લઈ જવો છે. આ સાથે ગત વર્ષના જે નબળા સમયમાં ગ્રાહકો અને મિત્રોએ મારામાં ભરોસો મુકીને મને પીઠબળ પુરું પાડયું છે તે માટે તેમના આભારી રહેવા સાથે તેમના વિશ્વાસને સાચો પુરવાર કરું તે જ મારો ૨૦૨૧નો સંકલ્પ છે.

- જગદીશ મોદી, ચામુંડા ટી સ્ટોલ, સે-૧૧

●●●

નવોદિત કવિઓની રચનાઓનું સ્વરાંકન કરવું છે

સને ૨૦૨૦માં બનેલ બનાવોને કારણે મારી મુખ્ય આનંદ આપતી પ્રવૃત્તિ સંગીત માત્ર મારા ઘર પુરતી સીમિત હતી તે પ્રવૃત્તિને ૨૦૨૧માં વિશાળ ફલક પર રજુ કરવા તૈયારી કરવી છે. ઉપરાંત જે નવોદિત કવિઓ કે જેમની રચનાઓના સ્વરાંકન કરી જાહેર કાર્યક્રમમાં પ્રસ્તુત કરતા નથી તેમની રચનાઓ મારા સ્વરમાં સ્વરાંકન કરી સોશ્યલ મિડીયાના માધ્યમથી પ્રસ્તુત કરી તેમને આનંદ આપવો છે, આઈસીસીઆરના નેજા હેઠળ કાર્યકર્મના આયોજન સાથે મારો પુત્ર ડૉ. જીગર જે દિલ્હી આર્મી કેન્ટોન્મેન્ટ ખાતે જોડાયો છે તેને આર્મી યુનિફોર્મમાં નિહાળવા જવાનું પણ આયોજન છે.

- સુરેશ રત્નોત્તર, રેડિયો-ટીવી કલાકાર

●●●

ફ્રેન્ડસ સાથે કેમ્પસ મસ્તી ઉપરાંત પરિવારજનો માટે ગૌરવ વધારવું છે

કોરોના વાયરસને કારણે આખું વર્ષ ઓનલાઈન એજયુકેશનથી ભણ્યાં પરંતુ કોલેજ કેમ્પસની મજા છુટી ગઈ, જો કે મિત્રો સાથે સોસ્યલ મિડીયા થકી સંપર્ક જળવાયેલો રહ્યો છે પરંતુ ૨૦૨૧માં અભ્યાસની રીતે પણ વધુ ગંભીર બનવા સાથે ફ્રેન્ડસ સાથે કેમ્પસની મોજ મસ્તીનો પણ એટલો જ આનંદ પ્રાપ્ત કરવો છે. મારા માટે ૨૦૨૧નું વર્ષ ખૂબ જ અગત્યનું છે તેથી આ વર્ષને જેટલું વધુ સારું બને તેટલું બનાવવાનો મારો નિર્ણય છે. આ વર્ષે હું શૈક્ષણિક સફળતાઓ મેળવીને મારા પરિવારજનો મારા પર ગર્વ કરે તે માટે ખુબ ગંભીર છું.

- શ્યામા પરિહાર, વિદ્યાર્થીની

●●●

મારા કલાયન્ટસનો ભરોસો ના તૂટે તે રીતે કાર્યરત બનીશ

વર્ષ ૨૦૨૧ પ્રત્યે અપેક્ષાઓનો પાર નથી, ૨૦૨૦માં 'વર્ક ફ્રોમ હોમ' શીખવા મળ્યું તેનો લાભ તો મળશે જ પરંતુ વ્યવસાયિક રીતે માત્ર તેનાથી કામ ના ચાલે, સારા સંબંધો વિકસાવવા રૂબરૂ મુલાકાત પણ એટલી જ અગત્યની છે. ૨૦૨૧માં વધુને વધુ નવા સંબંધો વિકસાવી શકાય તથા જે જૂના સંબંધો છે તે વધુ મજબૂત બનાવી તેમને ઉત્તમ વ્યવસાયિક સેવાઓ આપવા સાથે સંતોષકારક પરિણામ આપી શકું તે માટે પ્રત્નશીલ રહેવા મેં સંકલ્પ કર્યો છે, આ માટે ટેકનોલોજીનો ઉપયોગ પણ વધારવો. મારા વ્યવસાયમાં મારા કલાયન્ટસનો ભરોસો ના તૂટે તે જોવાની મારી ફરજ છે જે હું નિભાવવા સંકલ્પ કરું છું. આ સાથે અમારી સંગીત પ્રવૃત્તિઓને પણ ફરી બમણાં ઉત્સાહથી વેગવંતી કરવા પ્રયાસ કરીશ.

- અજિતસિંહ પરમાર, શ્રી હરસિધ્ધ કન્સલ્ટન્સી સર્વિસીસ

●●●

સૌની અપેક્ષાએ ખરા ઉતરવાનો નિર્ધાર કર્યો છે

મારા માટે ૨૦૨૦નું વર્ષ અંતિમ તબક્કામાં સુખદ બનીને વિદાય લઈ રહ્યું છે પરંતુ સમગ્ર વર્ષ પર નજર કરીએ તો તે સાર્વત્રિક રીત સૌ માટે પીડાદાયક બની રહ્યું છે. જો કે આ કપરાં સમયે પરિવારની હુંફ અને વિશ્વાસ ખૂબ જ નિર્ણાયક પુરવાર થયાં છે જે એક પારિવારિક વ્યકિત તરીકે મનને આનંદ આપનારા બન્યા છે. આગામી વર્ષમાં મારા માટે જવાબદારીઓ વધી છે તે સાથે મારો ઉત્સાહ પણ વધ્યો છે, તેથી ૨૦૨૧ના વર્ષમાં વધુ સફળતા હાંસલ કરવા પ્રયત્નશીલ બનવા સાથે મારામાં વિશ્વાસ મુકનાર દરેકને પછી તે અમારું મેનેજમેન્ટ હોય કે મારો પરિવાર, સૌની અપેક્ષા પર ખરી ઉતરું એજ નિર્ધાર છે. મારા સંતાન માટે પણ ૨૦૨૧નું વર્ષ ખુશાલીભર્યું બની રહે તે માટે ભરપૂર પ્રયાસ કરીશ.

- હેતલ દવે, જુનિયર કલાર્ક, ગુજરાત નેશનલ લો યુનિ.

●●●

આવનાર નવું વર્ષ એટલે કે ૨૦૨૧ સર્વે ભાઈઓ, માતાઓ, બહેન-દિકરીઓ તમામ માટે ખૂબ જ નિરોગી રહે

૨૦૨૦નું વર્ષ બધા માટે ખૂબ જ કષ્ટદાયક પસાર થયું, પરંતુ આવનાર નવું વર્ષ એટલે કે ૨૦૨૧ સર્વે ભાઈઓ, માતાઓ, બહેન-દિકરીઓ તમામ માટે ખૂબ જ નિરોગી રહે, દરેક વ્યકિતનું જીવન નવી ચેતનાઓ લાવે, ઉષ્માભર્યું નિવડે, દરેક વ્યકિતમાં જે ડરનો માહોલ છે તે જતો રહે તેવી અંતરથી ભગવાન-માતાજીને પ્રાર્થના, નવા વર્ષ ૨૦૨૧માં હું મારી ફરજ થકી વધુને વધુ નાગરિકોને તથા જરૂરિયાતમંદોને મદદરૂપ થઈ શકું તે માટે પ્રભુ મને શકિત આપે તેવી મારી પ્રાર્થના છે. જયહિન્દ.

- નટુભાઈ ચાવડા, એએસઆઈ, ઈન્ફોસિટી પોલીસ

●●●

આવનાર નવું વર્ષ મારા જીવનમાં અનેક ગણી ખુશીઓનો નવોસૂરજ ઉગાડશે

મનુષ્ય જીવનમાં જન્મથી મૃત્યુ સુધીનો સમય અનેક વર્ષોની ગણતરીમાં પસાર થાય છે. વર્ષ ૨૦૨૦ સમાપ્ત થઈ નવું વર્ષ ૨૦૨૧ શરૂ થશે. જીવન એ કભી ખુશી કભી ગમની પ્રક્રિયા છે. ગત વર્ષની મહામારીનો અનુભવ આપણા જીવનનો દુઃખનો કદાચ ઓવરડોઝ હતો. આવનાર નવું વર્ષ મારા જીવનમાં અનેકગણી ખુશીઓનો નવો સૂરજ ઉગાડશે. આશા છે મહામારીની સામે જીતનું શસ્ત્ર વેકસીન ખૂબ જ કારગત નિવડશે. નવું વર્ષ ખુશીઓનું તુફાન આપણા સૌના જીવનમાં લાવશે.

- મૌલેશ પાઠક

●●●

આવનારા વર્ષમાં જીવનમાં સ્વસ્થતા અકબંધ રહે

મિત્રો સૌને નવા વર્ષની શુભકામનાઓ. આવનારા વર્ષમાં જીવનમાં સ્વસ્થતા અકબંધ રહે. વર્ષભર ખુશીઓની અગણિત ક્ષણો મળે તેમજ જે લોકોએ નોકરી ગુમાવી હોય તેમને નવી નોકરીની તકો મળે અને આવનાર વર્ષ ખૂબ જ યાદગાર થાય તેવી જ આશા.

- સંકેત ગોર

કાશી હિન્દુ વિશ્વ વિદ્યાલય આયોજિત ઓનલાઈન નિબંધ સ્પર્ધામાં નિવૃત્ત બેંક કર્મી મનિષા ત્રિપાઠી પ્રથમ સ્થાને વિજેતા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના નિવૃત્ત મહિલા બેંક કર્મચારી તથા જાણીતા વેટરન સ્વીમર મનિષાબેન ત્રિપાઠીએ હવે લેખન ક્ષેત્રે સિધ્ધિ હાંસલ કરી છે. તાજેતરમાં તા. ૨૫મી ડિસેમ્બરે ભારત રત્ન મહાત્મા પંડિક મદનમોહન માલવિયજીની ૧૫૯મી જન્મજયંતિ નિમિત્તે કાશી હિન્દુ વિશ્વ વિદ્યાલયની ઈન્સ્ટિટયુટ ઓફ મેડિકલ સાયન્સીઝની ફેકલ્ટી ઓફ આયુર્વેદ દ્વારા આયોજિત રાષ્ટ્રીય કક્ષાની ઓનલાઈન સ્પર્ધાઓમાં નિબંધ લેખન સ્પર્ધાની નિવૃત્ત કર્મચારીઓ માટેની કેટેગરીમાં ગાંધીનગરના મનિષાબેન ત્રિપાઠીએ ભાગ લઈને પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શહેરને ગૌરવ અપાવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના કાળમાં મળેલા હૈયું હચમચાવતા આઘાતને ઓગાળીને પોતાની પીડાને રચનાત્મકતા તરફ વાળી સિધ્ધિ હાંસલ કરવાનો પ્રોત્સાહક અને પ્રેરણાદાયી અભિગમ કેળવવાનો તેમનો આ પ્રયાસ અભિનંદનને પાત્ર બન્યો છે.

સેકટર-૨૧ શાકમાર્કેટ તથા કોમર્શિયલ વિસ્તારમાં મનપાની ટીમ ત્રાટકી હતી. મનપા ઝોન-૧ના ઝોનલ ઓફિસર શ્રી શૈલેષકુમાર સોમચંદ્રન, ઝોન-૨ના ઓફિસર શ્રી અમિતકુમાર પટેલ, સેકટર-૨૧ના સેનેટરી ઈન્સપેકટર શ્રી વિપુલસિંહ ડાભી તથા અન્ય વોર્ડના સેનેટરી ઈન્સ્પેકટરોની ટીમે પ્રતિબંધિત પ્લાસ્ટીકના ઉપયોગ બદલ જાહેરમાં ગંદકી કરવા બદલ અને માસ્ક ન પહેરવા બદલ ૨૩ વ્યકિતઓ પાસેથી કુલ રૂ. ૧૨,૪૦૦નો દંડ અને વહીવટી ચાર્જ વસુલ કર્યો હતો.



ગાંધીનગર શહેરમાં આવી રહેલ મહાનગરપાલિકાની ચુંટણીઓને અનુલક્ષીને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. આ ચુંટણીઓ માટે ભાજપ દ્વારા શહેરના એકમના નવા સેનાપતિ તરીકે રૂચિરભાઈ ભટ્ટની નિમણુંક કરી છે જેમનું સેકટર-૨૪ના પેજ પ્રમુખ તુલસીભાઈ માલી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લાના વાંસળી, તબલા અને હાર્મોનિયમના કલાકારો જોગ

ગાંધીનગર, તા.૩૧

રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર તથા જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી દ્વારા સંયુક્ત રીતે 'વાદન (વાંસળી, તબલા, હાર્મોનિયમ (હળવું)'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જુદા જુદા વય જુથ પ્રમાણે કલાકારો ભાગ લઈ શકશે. જેમાં ૬ થી ૧૪, ૧૫ થી ૨૦ વર્ષસુધીના, ૨૧ થી ૨૯ વર્ષ સુધીના, ૬૦ વર્ષથી ઉપર ઓપન વયજુથમાં ભાગ લઈ શકશે. ઉક્ત સ્પર્ધાની વિડીયો ક્લીપ તૈયાર કરી CD/DVD/PEN Drive માં તા: ૧૫/૦૧/૨૦૨૧ બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગર c/o જિલ્લા રમતગમત અધિકારીની કચેરી ગાંધીનગર, 'સી વીંગ' છઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧,ગાંધીનગર કચેરી ખાતે મોકલવાની રહેશે. સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ આઈ.ડી, સ્કૂલનું નામ અને સરનામું વગેરે બાબતોનો વિડીયો ક્લીપમાં ઉલ્લેખ કરવાનો રહેશે. વિડીયો ક્લીપની સાથે ઉમંરના પુરાવા સાથે આધારકાર્ડ, ચૂટણીકાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ તેમજ બેંક, પાસબૂકની પ્રથમ પાનાની ઝેરોક્ષનો સમાવેશ કરવાનો રહેશે, તેવું જિલ્લા યુવા વિકાસ અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. કેશરબેન કાંતિલાલ સેગાલ, ઉ.વ. ૬૪, સેકટર-૨૩, ગાંધીનગર
- સ્વ. ઠાકોર જીવણજી ગાંડાજી, ઉ.વ. ૫૫, મોટા ચિલોડા, તા. ગાંધીનગર
- સ્વ. સંજયકુમાર ચંદુજી ઠાકોર, ઉ.વ. ૩૭, સે-૧૫, ફતેપુરા, ગાંધીનગર
- સ્વ. મનુજી ફુલાજી ઠાકોર, ઉ.વ. ૫૪, શિહોલી મોટી, તા. ગાંધીનગર
- સ્વ. પ્રહલાદભાઈ મફતલાલ જાની, ઉ.વ. ૮૫, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. સાકરીયા જયંતિલાલ ઈશ્વરલાલ, ઉ.વ. ૮૩, સેકટર-૮, ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ મોહનભાઈ સોમાભાઈ, ઉ.વ. ૭૮, મહુન્દ્રા, તા. ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ રૂખીબેન વિહાભાઈ, ઉ.વ. ૮૮, મહુન્દ્રા, તા. ગાંધીનગર
- સ્વ. ગલીબેન થાનસિંહ વણઝારા, ઉ.વ. ૮૫, સે-૧૩, છાપરાં, ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. ચંદ્રપ્રકાશ પીનનમલ ખત્રી, ઉ.વ. ૬૦, ન્યુ કોબા, તા. ગાંધીનગર
- સ્વ. દશરથસિંહ ઉદેસિંહ વિહોલ, ઉ.વ. ૬૫, સેકટર-૩, ગાંધીનગર
- સ્વ. જાદવ કાશીબેન કલાજી, ઉ.વ. ૬૬, ફિરોજપુર, વલાદ, તા. ગાંધીનગર
- સ્વ. પ્રાણલાલ પુરુષોત્તમ વાઘેલા, ઉ.વ. ૮૩, સરગાસણ, તા. ગાંધીનગર